# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

મહાનગર સેવા સદન - અમદાવાદ

અંદાજપત્ર - 'એ'

# પ્રેસનોટ

## અમદાવાદ મહાનગરપાલિકાનું સ્ટેન્ડીંગ કમિટીએ રજુ કરેલ

- સને ૨૦૨૧-૨૨ વર્ષ માટેનું કુલ રૂા. ૮૦૫૧ કરોડનું અંદાજપત્ર
- રૂા. ૨૫૮ કરોડની વિકાસ કામો માટે ફાળવણી
- સ્ટે. કમિટીએ સુચવેલ રૂા. ૫૭૬ કરોડના સુધારા

મેયરશ્રી કીરીટભાઈ પરમાર, ડેપ્યુટી મેયર શ્રી ગીતાબેન પટેલ, સ્ટે.કમિટી ચેરમેનશ્રી હિતેષ બારોટ તથા મ્યુ. કોર્પોરેશન ભાજપ નેતા શ્રી ભાસ્કર ભટ્ટ, ભા.જ.પ. દંડક શ્રી અરૂણસિંહ રાજપુત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં સને ૨૦૨૧-૨૨ના સ્ટેન્ડીંગ કમિટીએ તૈયાર કરેલ 'અંદાજપત્ર -એ' અંગે માહીતી આપતાં જણાવ્યુ હતુ કે, શહેરીજનોને કોરોનાની મહામારીથી બચાવવા તેમજ સંક્રમીત થયેલ શહેરીજનોને તબીબી સેવાઓ તેઓના નિવાસસ્થાને મળી રહે તે માટે સંજીવની રથ, ધન્વતંરી રથ, વડીલ આરોગ્ય સુખાકારી યોજના તેમજ ૧૦૪ અને ૧૦૮ દ્વારા સેવાઓ પૂરી પાડવામાં આવેલ તેમજ શહેરમાં જુદીજુદી જગ્યાએ ડોમ ઉભા કરી લાખો ની સંખ્યામાં આર.ટી.પી.સી.આર તથા એન્ટીજન ટેસ્ટ નાગરીકોને વિનામૂલ્યે કરી આપવામાં આવેલ હતા તેમજ એસવીપી હોસ્પીટલમાં અને શહેરની જુદી જુદી ખાનગી હોસ્પીટલોમાં હજારોની સંખ્યામાં બેડ એકવાયર કરી નાગરીકોને વિનામૂલ્યે સારવાર આપવામાં આવી હતી.

કોવિડ -૧૯ ની કપરી પરીસ્થીતીમાં પણ ગત વર્ષોના આયોજન હેઠળના જાહેર સુખાકારીના તથા વિકાસના કેટલાંક કામો પૂર્ણ થયા છે અને કેટલાક કામો પ્રગતીમાં છે. અમદાવાદ શહેર દેશના વિકાસશીલ રાજયો માટે વિકાસનું મોડેલ બનેલ છે. શહેરમાં પ્રારંભ થયેલ વિવિધ પ્રોજેકટોએ અમદાવાદ મહાનગરની વિશેષ ઓળખ ઉભી કરી છે. ગુજરાત રાજય દેશના વિકાસનું ગ્રોથ એન્જીન બનેલ છે. અમદાવાદ મહાનગર રાજયના વિકાસનું ગ્રોથ એન્જીન બનેલ છે. રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના માર્ગદર્શન સાથે દેશનું સૌ પ્રથમ એકમાત્ર વર્લ્ડ હેરીટેજ સિટી અમદાવાદ મહાનગરની વિકાસ યાત્રાને નવિન સ્વરૂપ આપવા શહેરના સમતોલ વિકાસને ધ્યાનમાં રાખી 'અંદાજપત્ર-એ' મંજુર કરેલ છે.

સ્ટેન્ડીંગ કમિટી ચેરમેનશ્રી હિતેષ બારોટે વધુમાં જણાવ્યુ હતુ કે મ્યુનિ. કમિશનરશ્રીએ રજુ કરેલ **રૂા.૭૪૭૫ કરોડનાં** અંદાજપત્રમાં **રૂા. ૫૭૬ કરોડનો વધારો** સુચવી **કુલ રૂા. ૮૦૫૧ કરોડનું અંદાજપત્ર-"એ" સ્ટે.કમિટીએ મંજુર કરેલ છે.** જેમાં **રેવન્યુ ખર્ચ રૂા. ૩૧૮ કરોડ** અને **વિકાસના કામો રૂા. ૨૫૮ કરોડ** સાથે **કુલ રૂા. ૫૭૬ કરોડ**ના સુધારા સુચવેલ છે.

➤ **મ્યુ. પ્રોપર્ટી ટેક્ષ - કોન્ઝર્વન્સી ટેક્ષ, વોટર ટેક્ષના દરોમાં કોઈજ વધારો નહીં.**

સને ૨૦૨૧-૨૦૨૨ના વર્ષેમાં પ્રોપર્ટી ટેક્ષ, વોટર ટેક્ષ તથા કોન્ઝર્વન્સીનાં દરોમાં કોઈ જ વધારો કરવામાં આવેલ નથી.

➤ **૪૦ ચો.મી.સુધીના રહેણાંકની તમામ મિલ્કતોમાં વર્ષ ૨૦૨૧-૨૨ માં ૧૦૦% ટેક્ષ માફી :-**

કોરોના મહામારીની અસરને ધ્યાને રાખતા અમદાવાદ શહેરની ૪૦ ચો.મી. સુધીના ક્ષેત્રફળ ધરાવતી રહેણાંકની તમામ મિલ્કતોનો વર્ષ ૨૦૨૧-૨૨ ના જનરલ ટેક્ષ, વોટર ટેક્ષ, કોન્ઝરવન્સી ટેક્ષ, એજયુકેશન સેસ સહિત પ્રોપર્ટી ટેક્ષની કુલ રકમ રીબેટ આપવાનું ઠરાવવામાં આવે છે. **તેના કારણે અંદાજીત ૬.૪૯ લાખ મિલ્કત ધારકોને આર્થિક લાભ થશે.** તેમજ ૪૦ ચો.મી.સુધીના ક્ષેત્રફળ ધરાવતી રહેણાંકની તમામ મિલ્કતોમાં જો તા.૦૧-૦૬-૨૦૨૧ થી તા.૩૧-૦૮-૨૦૨૧ સુધીમાં વર્ષ ૨૦૨૦-૨૧ સુધીનો પૂરેપૂરો પ્રોપર્ટી ટેક્ષ (વધુમાં વધુ ત્રણ હપ્તામાં) ભરપાઈ કરવામાં આવે તો તેવા તમામ કરદાતાઓને તેઓની **પાછલી બાકી રકમ ઉપર ચઢેલ વ્યાજમાં ૧૦૦% માફી આપવાનું ઠરાવવામાં આવે છે.**

➤ **- વાહનવેરાનાં દરો યથાવત :-**

**- મ્યુ.કમિશ્નરશ્રીએ વાહન વેરાના દરોમાં સુચવેલ બેઝીક પ્રાઇસ આધારીત દરો યથાવત રાખવામાં આવે છે તથા**

**- ટુ વ્હીલર ઈલેકટ્રીક વાહનોને વાહન વેરામાં ૧૦૦ % રાહત :-**

મ્યુનિ.કમિશ્નરશ્રી દ્વારા ડ્રાફટ બજેટમાં સુચવેલ વાહન વેરાના દર યથાવત રાખવામાં આવેલ છે. ભારત સરકાર દ્વારા નેશનલ કલીન એર પ્રોગ્રામ (National Clean Air Programme) અંતર્ગત અમદાવાદ શહેરનો સમાવેશ કરેલ છે.શહેરમાં ઈલેકટ્રીક વાહનોનો વપરાશ વધે તો કાર્બનનાં પ્રમાણમાં ઘટાડો થાય અને એરકવોલીટીમાં સુધારો થાય તે હેતુથી વર્ષ ૨૦૨૧-૨૦૨૨ દરમ્યાન ઈલેકટ્રીક વાહનો જે આર.ટી.ઓ. ખાતે પાસીંગ કરાવવામાં આવે છે તેવા ટુ વ્હીલર વાહનોમાં વસુલાતા આજીવન વાહનવેરામાં ૧૦૦% રાહત આપવાનું ઠરાવવામાં આવે છે.

➤ **મ્યુનિ.કોર્પોરેશન બીલ્ડીંગોમાં આવેલ ટ્રસ્ટ હોસ્પિટલોના મિલકતવેરામાં ૭૦% રીબેટ**

જે સંસ્થાઓ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ તરીકે રજીસ્ટર્ડ થયેલ હોય અને જેઓ ગરીબ તેમજ સામાન્ય વર્ગના શહેરના નાગરિકોને નજીવા દરે તબીબી સેવાઓ આપતા હોય અને કોર્પોરેશનની બિલ્ડીંગનો આ સેવાઓ માટે ઉપયોગ કરતી હોય તેવી સંસ્થાને ૨૦૨૧-૨૨ના વર્ષથી પ્રોપર્ટી ટેકસમાં ૭૦ % રીબેટ આપવા ઠરાવવામાં આવે છે.

➤ **ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલન કરવામાં આવતા ફીઝીયોથેરાપી સેન્ટરના મિલકતવેરામાં ૭૦% રીબેટ**

જે ફીઝીયોથેરાપી સેન્ટર પબ્લિક રજીસ્ટર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ એન.જી.ઓ. દ્વારા પબ્લિક ચેરીટેબલ હેતુ માટે ચલાવવામાં આવતા હોય અને જેઓ ગરીબો અને સામાન્ય નાગરિકોને ફીઝીયોથેરાપી સારવાર / નિદાન નજીવા દરે અત્યંત આધુનિક સાધનોથી અ.મ્યુ.કોર્પોરેશન દ્વારા નકકી કરાયેલ દરે આપતી સંસ્થા હોય અને જેણે પાછલો તમામ ટેક્ષ વર્ષ ૨૦૨૦-૨૧ સુધીનો ચૂકવેલ હોય તેવી સંસ્થાઓને ૨૦૨૧-૨૦૨૨ ના વર્ષથી પ્રોપર્ટી ટેક્ષમાં ૭૦% રીબેટ આપવાનું ઠરાવવામાં આવે છે.

➤ **સ્વચ્છ ભારત અભિયાન હેઠળ સોસાયટી ફલેટ માટે વિશેષ કામગીરીનું આયોજન :-** **રૂા.૪.૬૪ કરોડ**

૦ થી ૧૦૦ ચોરસ મીટર સુધીનો પ્લીન્થ વિસ્તાર બાંધકામ ધરાવતી સોસાયટી, ફલેટ કે જ્યાં કોમનપ્લોટ અને રસ્તાની સફાઈ માટે રૂા. ૨૫૦ અને મહત્તમ રકમ રૂા. ૩૦૦૦ ની મર્યાદામાં ૧૦૦૦ ચોરસવાર સ્વીપીંગ એરિયા દીઠ માસિક ધોરણે ફાળવવા અને ગ્રાન્ટની રકમ જે તે સોસાયટીના બેન્ક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવામાં આવશે તેમજ દર ત્રણ વર્ષે ૫૦% ના ખર્ચે હાથલારીઓ પૂરી પાડવા સ્વચ્છ ભારત અભિયાન હેઠળ વિશેષ કામગીરી માટે અંદાજપત્રમાં રૂા.૪.૬૪ કરોડની જોગવાઈ કરવાનું આયોજન કરવાનું ઠરાવવામાં આવે છે.

➤ **સરદારબાગ ખાતે આવેલ ચિલ્ડ્રન પાર્કમાં નવા સાધનો વસાવવાનું આયોજન :-** **રૂા.૫.૦૦ કરોડ**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને અમદાવાદ શહેર ટ્રાફિક પોલીસ ખાતા ના સંયુક્ત પ્રયાસથી લાલદરવાજા, સરદારબાગ ખાતે અગાઉ ચિલ્ડ્રન પાર્ક બનાવવામાં આવેલ છે. વિદ્યાર્થીઓને ટ્રાફિક અવેરનેસની જાણકારી મળે તે હેતુથી નવા સાધનો સાથે તેનો વિકાસ કરવાનું આયોજન કરવા અંદાજપત્રમાં રૂા.૫.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવે છે.

➤ **આયુષ માનવ ગાર્ડન થીમ આધારીત આરોગ્ય વનનું નિર્માણ :-** **રૂા. ૫ કરોડ**

આયુષ માનવ ગાર્ડન થીમ આધારીત આરોગ્ય વન બનાવવાના આયોજન માટે અંદાજપત્રમાં રૂા.૫ કરોડની જોગવાઈ કરવામાં આવે છે.

➤ **શહેરને ગ્રીન સીટી બનાવવાનું આયોજન :-** **રૂા. ૫ કરોડ**

શહેરને ગ્રીન સીટી બનાવવા શહેરના જુદા જુદા રાજમાર્ગો ઉપર કે તેને સમાંતર ૧૦ લાખ મોટા વૃક્ષો વાવી શહેરને ગ્રીન સીટીની ઓળખ ઉભી કરવાનું આયોજન કરવામાં આવે છે. જે માટે અંદાજપત્રમાં રૂા. ૫ કરોડની જોગવાઈ કરવાનું ઠરાવવામાં આવે છે.

➤ **મ્યુનિસિપલ ગાર્ડનમાં કસરત માટેના સાધનો :-** **રૂા.૨.૦૦ કરોડ**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત વિવિધ ગાર્ડનમાં હેલ્થ કોર્નર તૈયાર કરી ગાર્ડનમાં ખુલ્લી જગ્યામાં મુકી શકાય તે પ્રકારના વિવિધ કસરતના સાધનો મુકવાનું આયોજન કરવામાં આવે છે. આ માટે અંદાજપત્રમાં રૂા.૨.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવે છે.

- **E.W.S આવાસોમાં વોશીંગ પ્લેટફોર્મ બનાવવાનું આયોજન :- રૂા.૨.૦૦ કરોડ**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પો. દ્વારા બનાવવામાં આવેલ E.W.S આવાસોમાં વસવાટ કરતા આર્થિક રીતે પછાત વર્ગના લોકોને પીવાના તથા અન્ય જરૂરીયાત માટેના પાણીની તકલીફ ન પડે અને જરૂરીયાત મુજબના રોજીંદા કામો કરી શકે તે માટે વોશીંગ પ્લેટફોર્મ બનાવવા અંદાજપત્રમાં રૂા. ૨.૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવે છે.

- **CCTV કેમેરા ફેસીલીટીવાળા નવા ડીસીલ્ટીંગ મશીન ખરીદવાનું આયોજન :- રૂા.૬.૦૦ કરોડ**

મશીનહોલની સફાઈ કામગીરી આદર્શ રીતે કરી શકાય તે માટે CCTV કેમેરાની ફેસીલીટીવાળા નવા ડીસીલ્ટીંગ મશીન ખરીદવા અંદાજપત્રમાં રૂા.૬.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવે છે.

- **અ.મ્યુ.કો.ની માલિકીના હોટમીક્ષ પ્લાન્ટ બનાવવાનું આયોજન :- રૂા.૬.૦૦ કરોડ**

શહેરમાં નવા રસ્તા બનાવવા તથા હયાત રસ્તાને વિવિધ ટેકનોલોજીથી રીસરફેસ કરવામાં આવતા હોય છે. જે બાબતને ધ્યાનમાં રાખી શહેરમાં અલગ અલગ જગાએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની માલિકીના હોટમીક્ષ પ્લાન્ટ બનાવવા માટે અંદાજપત્રમાં રૂા.૬.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવે છે.

- **ફાયર સ્ટેશન અને ફાયર ચોકીઓની સંખ્યા વધારવાનું આયોજન :- રૂા. ૧૫ કરોડ**

અમદાવાદ શહેરની વસ્તીને ધ્યાનમાં લેતા ફાયર સ્ટેશન અને ફાયર ચોકીઓની સંખ્યા વધારવી સાંપ્રત સમયની માંગ છે. આ માટે અંદાજપત્રમાં રૂા. ૧૫.૦૦ કરોડની જોગવાઈ કરવાનું ઠરાવવામાં આવે છે.

- **શહેરના પશ્ચિમ વિસ્તારમાં આધુનિક વોટર વર્કસનું આયોજન :- રૂા.૧૦.૦૦ કરોડ**

પશ્ચિમ વિસ્તારમાં આધુનિક વોટર વર્કસ બનાવવા માટે અંદાજપત્રમાં રૂા.૧૦.૦૦ કરોડની જોગવાઈ કરવાનું ઠરાવવામાં આવે છે.

- **સ્ટેન્ડ બાય બોર બનાવવાનું આયોજન :- રૂા.૧૦.૦૦ કરોડ**

ઉત્તર પશ્ચિમઝોન તથા દક્ષિણ-પશ્ચિમઝોન વિસ્તારમાં આવેલ હયાત પમ્પીંગ સ્ટેશનોમાં સ્ટેન્ડ બાય બોર બનાવવાનું આયોજન કરવામાં આવે છે તે માટે અંદાજપત્રમાં રૂા. ૧૦.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવે છે.

- **જુદા જુદા ઝોનમાં જરૂરીયાત મુજબ ઓવરહેડ ટાંકી બનાવવાનું આયોજન :- રૂા.૨૫.૦૦ કરોડ**

જુદા જુદા ઝોનમાં સર્વે કરી જરૂરીયાત મુજબ નવી ઓવર હેડ ટાંકી બનાવવો અંદાજપત્રમાં રૂા.૨૫.૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવે છે.

➤ **વોટર ડીસ્ટ્રીબ્યુશન તથા ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશનોની ક્ષમતા વધારવા માટે નવી લેટેસ્ટ ટેકનોલોજીવાળા પંપો બદલવાનું આયોજન :- રૂા.૧૦.૦૦ કરોડ**

જુદા જુદા વિસ્તારમાં આવેલ વોટર ડીસ્ટ્રીબ્યુશન તથા ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશનો ખાતે નવી અદ્યતન ટેકનોલોજી વાળા પંપો બદલવા માટે અંદાજપત્રમાં રૂા.૧૦.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવે છે.

➤ **શ્રીમતી શા.ચી.લા. જનરલ હોસ્પિટલ ખાતે કેન્સર અને કીડનીના રોગોના નિદાન માટે અલાયદા વોર્ડની રચના કરવાનું આયોજન :-**

સામાન્ય નાગરીકોને કેન્સર અને કીડનીના ગંભીર પ્રકારના રોગોની સમયસર સારવાર મળી રહે તે માટે આ હોસ્પિટલ ખાતે આવા ગંભીર પ્રકારના રોગો માટે જરૂરી તમામ સુવિધાઓ સહિતના અલાયદા વોર્ડ બનાવવાનો સમાવેશ કરવાનું ઠરાવવામાં આવે છે.

➤ **૫ નંગ નવી એમ્બ્યુલન્સ તથા ૫ નંગ નવી શબવાહીની ખરીદવાનું આયોજન :- રૂા.૫.૦૦ કરોડ**

પ્રવર્તમાન સંજોગોને ધ્યાને લઈ ૫ નંગ નવી એમ્બ્યુલન્સ તથા ૫ નંગ નવી શબવાહીની ખરીદવા અંદાજપત્રમાં રૂા.૫.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવે છે.

➤ **તળાવોના વિકાસનું આયોજન :- રૂા.૧૦.૦૦ કરોડ**

જુદા જુદા તળાવોના વિકાસ માટે મ્યુનિસિપલ કમિશનરશ્રીએ સને ૨૦૨૧-૨૨ ના ડ્રાફ્ટ અંદાજપત્રમાં રૂા. ૨૪ કરોડની જોગવાઈ કરેલ છે. તેમાં વધુ રૂા.૧૦.૦૦ કરોડની જોગવાઈ કરવાનું ઠરાવવામાં આવે છે.

➤ **ખરાબાની જમીનમાં પ્લાન્ટેશન કરી ગ્રીન કવર વધારવાનું આયોજન :- રૂા. ૨ કરોડ**

ખરાબાની જમીનમાં પ્લાન્ટેશન કરી ગ્રીન કવર વધારવાના આયોજન માટે અંદાજપત્રમાં રૂા.૨.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવે છે.

➤ **મોબાઇલ ટોઇલેટવાન, ગ્રીન ટોઇલેટ સહિત ખરીદ કરવાનું આયોજન :- રૂા.૨.૦૦ કરોડ**

જાહેર જનતાની સુખાકારી માટે નવી મોબાઈલ ટોયલેટ વાન, ગ્રીન ટોઈલેટ વાન સહિત ખરીદવા અંદાજપત્રમાં રૂા.૨.૦૦ કરોડ ની જોગવાઇ કરવામાં આવે છે.

➤ **શહેરમાં ૧૦ નવા આધુનિક પાર્ટી પ્લોટ બનાવવાનું આયોજન :- રૂા.૧૧.૦૦ કરોડ**

સામાજીક પ્રસંગોની ઉજવણી માટે ખૂલ્લા પાર્ટી પ્લોટની જરૂરિયાતને ધ્યાનમાં લઈ શહેરમાં રસોઈઘર, રૂમો તથા લાઈટીંગ અને આકર્ષક ગેટની સુવિધા સાથેના ૧૦ આધુનિક પાર્ટી પ્લોટો તૈયાર કરવા માટે અંદાજપત્રમાં રૂા.૧૧.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવે છે.

➤ **અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત જે હોલ વાતાનુકુલીત નથી તેમાં તબક્કાવાર વાતાનુકુલીત કરવાનું આયોજન :-** **રૂા.૧૨.૦૦ કરોડ**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત આશરે ૩૫ જેટલા કોમ્યુનિટી હોલ પૈકી જે હોલ વાતાનુકુલીત નથી તેમાં તબક્કાવાર વાતાનુકુલીત કરવા માટે અંદાજપત્રમાં રૂા.૧૨.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવે છે.

➤ **નવા સમાવિષ્ટ વિસ્તારમાં માળખાગત સુવિધાઓ પૂરી પાડવાનું આયોજન :-** **રૂા.૨૦.૦૦ કરોડ**

નવા સમાવિષ્ટ વિસ્તારમાં માળખાગત સુવિધાઓ માટે મ્યુનિસિપલ કમિશનરશ્રીએ સને ૨૦૨૧-૨૨ ના ડ્રાફ્ટ અંદાજપત્રમાં રૂા. ૧૧૦ કરોડની જોગવાઈ કરેલ છે. તેમાં વધુ રૂા.૨૦.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવે છે.

➤ **૧૫ વર્ષ કરતાં વધુ જૂના વાહનો – મશીનોનું ક્રમશઃ રીપ્લેશમેન્ટ :-** **રૂા.૭.૦૦ કરોડ**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, સેન્ટ્રલ વર્કશોપ ખાતે ઉપલબ્ધ વાહનો, મશીનો પૈકી ૧૫ વર્ષ કરતાં વધુ જુના હોય તેના ક્રમશઃ રીપ્લેશમેન્ટ કરવામાં આવે તો એર પોલ્યુશનમાં ઘટાડો થાય તે માટે અંદાજપત્રમાં રૂા.૭.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવે છે

➤ **ઉત્તર ઝોન વિસ્તારમાં આવેલ ત્રિકમલાલ ચાર રસ્તાથી સુહાન હોટલ ચાર રસ્તા સુધીના રસ્તાને સેન્ટ્રલ વર્જ કરી વચ્ચે લાઈટીંગ કરી વ્હાઇટ ટોપિંગ પધ્ધતિથી કોંક્રિટ રોડનું આયોજન** **રૂા.૧૦.૦૦ કરોડ**

➤ **અમદાવાદ જિલ્લા પંચાયત હસ્તકની અમદાવાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિને સોંપાયેલ શાળાઓનું નવિનીકરણ કરવાનું આયોજન** **રૂા.૧૦.૦૦ કરોડ**

➤ **મ્યુનિ. કાઉન્સીલર બજેટ રૂા.૩૦ લાખ :-** **રૂા.૨૪.૯૬ કરોડ**

**મ્યુનિ.કાઉન્સીલર બજેટ અંગે સરળ વહીવટી પ્રક્રિયા**

મ્યુનિ. કાઉન્સીલરશ્રીઓને વાર્ષિક રૂા.૧૭ લાખ બજેટ ફાળવવાની દરખાસ્ત મ્યુ.કમિશનરશ્રીએ રજુ કરેલ છે. જે બજેટમાં રૂા. ૧૩ લાખનો વધારો કરી મ્યુનિ.કાઉન્સીલર બજેટ વાર્ષિક રૂા.૩૦ લાખ કરવા માટે અંદાજપત્રમાં વધુ રૂા.૨૪.૯૬ કરોડની જોગવાઈ કરવાનું ઠરાવવામાં આવે છે.

➤ **સ્પેશીયલ કમિટી ચેરમેનશ્રી તથા ડે. ચેરમેનશ્રીને "ખાસ - બજેટની" ફાળવણીમાં વધારો :-** **રૂા. ૧.૬૫ કરોડ**

**સ્પે.કમિટી ચેરમેન બજેટ રૂા.૨૦ લાખ તેમજ**

**ડે.ચેરમેન બજેટ રૂા.૧૦ લાખ**

- **'ઝીરો' બજેટ હેડ હેઠળ ફાળવણી :- રૂા. ૩૦.૦૦ કરોડ**

  વર્ષ દરમ્યાન આકસ્મિક સંજોગોમાં આયોજન થતા મહત્વના કામો માટે બજેટની જરૂરીયાત ઉભી થાય ત્યારે અને અંદાજપત્રમાં આવા કામોની કોઈ જોગવાઈ ના હોય તેવા સંજોગોમાં અંદાજપત્રમાં 'ઝીરો' બજેટહેડ હેઠળ અંદાજપત્રમાં રૂા.૩૦.૦૦ કરોડ ફાળવવામાં આવશે.

- **ઝાયડસ હોસ્પિ. રોડ ઉપર ૩૦ બેડની નવી હોસ્પિટલ :- રૂા.૧૫.૦૦ કરોડ**

  ટી.પી.૩૯ ઝાયડસ હોસ્પિટલ રોડ ઉપર ૩૦ બેડની નવી હોસ્પિટલ બનાવવા માટે રૂા. ૧૫.૦૦ કરોડ ફાળવવાનું ઠરાવવામાં આવે છે.

- **શહેરની રેફરલ હોસ્પિટલને અધતન બનાવવા :- રૂા.૧૦.૦૦ કરોડ**

  ગરીબ નાગરીકોને તેમની માંદગીના સમયમાં વધુ સારી આરોગ્યલક્ષી સેવાઓ ઉપલબ્ધ બને તે માટે શહેરમાં આવેલ રેફરલ હોસ્પિટલને અદ્યતન બનાવવા પ્રારંભિક તબકકે રૂા.૧૦.૦૦ કરોડ ફાળવવાનું ઠરાવવામાં આવે છે.

- **રેલ્વે સ્ટેશનની પૂર્વ તરફ સરસપુર તરફનો રસ્તો બનાવવા :- રૂા.૫.૦૦ કરોડ**

  અમદાવાદ રેલ્વે સ્ટેશનની પૂર્વ બાજુ સરસપુર તરફનો રોડ બ્યુટીફીકેશન સહિત બનાવવા માટે અંદાજપત્રમાં રૂા.૫.૦૦ કરોડ ફાળવવાનું ઠરાવવામાં આવે છે.

- **ટી.પી.-૬૬,એફ.પી.૧૦૨ માં નવી મ્યુ.સ્કુલ બનાવવા :- રૂા.૨.૦૦ કરોડ**

  સૈજપુર તેમજ ઠકકરબાપાનગર વોર્ડમાં આવેલ ટી.પી.-૬૬, એફ.પી.૧૦૨ માં નવી મ્યુનિસિપલ સ્કુલ બનાવવા માટે અંદાજપત્રમાં પ્રારંભિક તબક્કે રૂા.૨.૦૦ કરોડ ફાળવવાનું ઠરાવવામાં આવે છે.

- **ટી.પી.-૬૫,એફ.પી.૧૭૩ માં યોગા-જીમ્નેશીયમ સેન્ટર બનાવવા :- રૂા.૧.૦૦ કરોડ**

  ઠકકરબાપાનગર વોર્ડમાં આવેલ ટી.પી.૬૫, એફ.પી.૧૭૩ માં યોગા સેન્ટર તથા જીમ્નેશીયમ બનાવવા અંદાજપત્રમાં રૂા.૧.૦૦ કરોડ ફાળવવાનું ઠરાવવામાં આવે છે.

- **સીનીયર સીટીઝન પાર્ક બનાવવા :- રૂા.૫.૦૦ કરોડ**

  ચાંદખેડા વોર્ડમાં તથા અન્ય જુદા જુદા વોર્ડમાં જરૂરીયાત મુજબ નવા સીનીયર સીટીઝન પાર્ક બનાવવા રૂા.૫.૦૦ કરોડ ફાળવવાનું ઠરાવવામાં આવે છે.

- **ખાનગી માલીકીના તમામ હોર્ડીંગ્સમાં યુનીક આઇડેન્ટીફીકેશન નંબર આપી જી.આઇ.એસ. મેપીંગ કરવાનું ઠરાવવામાં આવેલ છે.**

- **પાયાની સુવિધાઓના કામો અંદાજપત્ર વર્ષમાં અસરકારક રીતે પૂર્ણ થાય તે માટેનું આયોજન મ્યુ. કમિશ્નરશ્રી દ્વારા કરવાનું તથા ડ્રેનેજ, પાણી અને સ્ટ્રોમ વોટરની લાઇનોના નકશા, મશીનહોલ તથા બમ્પની વિગતો નંબરીંગ સાથે તૈયાર કરાવી વોર્ડ ઓફીસમાં રખાવવાનું ઠરાવવામાં આવેલ છે.**

## અંદાજપત્ર - સને ૨૦૨૧-૨૦૨૨ (રૂા. કરોડમાં)

| વિગત | મ્યુ.કમિશનરશ્રીની દરખાસ્ત | વધારો | સ્ટે. કમિટીએ તૈયાર કરેલ અંદાજપત્ર |
|---|---|---|---|
| રેવન્યુ ખર્ચ | ૩૯૧૨.૫૦ | ૩૧૮.૦૦ | ૪૨૩૦.૫૦ |
| વિકાસના કામો | ૩૫૬૨.૫૦ | ૨૫૮.૦૦ | ૩૮૨૦.૫૦ |
| કુલ બજેટ | ૭૪૭૫.૦૦ | ૫૭૬.૦૦ | ૮૦૫૧.૦૦ |

## અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
## અંદાજપત્ર : સને ૨૦૨૧-૨૦૨૨

### રૂપિયા ક્યાંથી આવશે ?

| | | |
|---|---|---|
| ૧ | ઓકટ્રોયની અવેજીમાં રાજ્ય સરકારશ્રીની ગ્રાન્ટ | ૨૨ પૈસા |
| ૨ | પ્રોપર્ટી ટેક્ષ તથા અન્ય સીધા કર | |
| | (અ) જનરલ ટેક્ષ | ૧૨ પૈસા |
| | (બ) વોટર અને કોન્ઝર્વન્સી ટેક્ષ | ૦૬ પૈસા |
| ૩ | વાહન વેરો | ૦૨ પૈસા |
| ૪ | પ્રોફેશન ટેક્ષ | ૦૩ પૈસા |
| ૫ | નોન ટેક્ષ રેવન્યુ આવક તથા ખાસ કાયદા મુજબની આવક | ૨૬ પૈસા |
| ૬ | ગ્રાન્ટ, સબસીડી કોન્ટ્રીબ્યુશન | ૧૫ પૈસા |
| ૭ | અન્ય આવક | ૧૪ પૈસા |
| | કુલ : | ૧૦૦ પૈસા |

### રૂપિયા કયાં જશે ?

| | | |
|---|---|---|
| ૧ | એસ્ટાબ્લીશમેન્ટ | ૨૮ પૈસા |
| ૨ | એડમિનિસ્ટ્રેટીવ તથા જનરલ ખર્ચ | ૦૨ પૈસા |
| ૩ | મરામત અને નિભાવ | ૦૯ પૈસા |
| ૪ | વિજળી અને બળતણ | ૦૪ પૈસા |
| ૫ | સર્વિસ તથા પ્રોગ્રામ ખર્ચ | ૧૦ પૈસા |
| ૬ | ગ્રાન્ટ અને કોન્ટ્રીબ્યુશન | ૧૮ પૈસા |
| ૭ | લોન ચાર્જીસ તથા અન્ય | ૦૧ પૈસા |
| ૮ | રેવન્યુ પુરાંતની વિકાસ કાર્યોમાં ટ્રાન્સફર | ૨૮ પૈસા |
| | કુલ : | ૧૦૦ પૈસા |

## રેવન્યુ આવકમાં વધારો

| અ.નં. | વિગત | આવકમાં વધારો (રૂા. કરોડમાં) |
|---|---|---|
| ૧. | સામાન્ય વેરાની આવક (જુની બાકી પેટે) | ૧૭૫.૦૦ |
| ૨. | કોમર્શીયલ ડેવલપમેન્ટની આવક | ૧૦૦.૦૦ |
| ૩. | પ્રિમીયમની આવકમાં વધારો | ૧૦૦.૦૦ |
| ૪. | વધારાની એફએસઆઈ વાપરવા અંગેની ફી | ૧૨૫.૦૦ |
| ૫. | વ્યવસાય વેરો | ૨૨.૦૦ |
| ૬. | સ્કુલ બોર્ડની ગ્રાન્ટમાં વધારો | ૧૧૫.૨૫ |
| | **રેવન્યુ આવકમાં કુલ વધારો :-** | **૬૩૭.૨૫** |

## રેવન્યુ આવકમાં ઘટાડો

| અ.નં. | વિગત | આવકમાં ઘટાડો (રૂા. કરોડમાં) |
|---|---|---|
| ૧. | ૪૦ ચો.મી. સુધીના રહેઠાણની તમામ મિલકતોમા ૧૦૦% ટેક્ષ માફી | ૪૫.૦૦ |
| ૨. | ૪૦ ચો.મી. સુધીના રહેણાંકમાં તમામ મિલકતોમા પાછલી બાકી રકમ ઉપરના વ્યાજમાં ૧૦૦% માફી | ૧૫.૦૦ |
| ૩. | ઈલેકટ્રીક વાહનોના વાહન વેરામાં રાહત | ૦.૭૫ |
| ૪. | મ્યુ. બિલ્ડીંગમાં ચાલતી ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલોને રીબેટ | ૦.૨૫ |
| ૫. | ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ફીઝીયોથેરાપી સેન્ટરને રીબેટ | ૦.૨૫ |
| | રેવન્યુ આવકમાં કુલ ઘટાડો :- | ૬૧.૨૫ |

**રેવન્યુ આવકમાં એકંદરે વધારો :-** ૫૭૬.૦૦

## : સ્ટેન્ડીંગ કમિટીએ સૂચવેલ વિકાસ કાર્યો :-

| નં. | વિગત | રકમ રૂા. કરોડમાં |
|---|---|---|
| ૧. | સરદારબાગ ખાતે ચિલ્ડ્રનપાર્કમાં નવા સાધનો વસાવવા. | ૦૫.૦૦ |
| ૨. | આયુષ માનવ ગાર્ડન થીમ આધારીત આરોગ્ય વનનું નિર્માણ | ૦૫.૦૦ |
| ૩. | શહેરને ગ્રીન સીટી બનાવવા | ૦૫.૦૦ |
| ૪. | મ્યુ. ગાર્ડનમાં કસરત માટેના સાધનો | ૦૨.૦૦ |
| ૫. | ઈ.ડબલ્યુ.એસ. આવાસોમાં વોશીંગ પ્લેટફોર્મ બનાવવા | ૦૨.૦૦ |
| ૬. | સીસીટીવી કેમેરા ફેસેલીટીવાળા ડીસીલ્ટીંગ મશીન ખરીદવા. | ૦૬.૦૦ |
| ૭. | અ.મ્યુ.કો. માલિકીના હોટમીક્ષ પ્લાન્ટ બનાવવા. | ૦૬.૦૦ |
| ૮. | ફાયર સ્ટેશન/ફાયર ચોકીઓની સંખ્યા વધારવા. | ૧૫.૦૦ |
| ૯. | પશ્ચિમ વિસ્તારમાં આધુનિક વોટર વર્કસ બનાવવા | ૧૦.૦૦ |
| ૧૦. | સ્ટેન્ડબાય બોર બનાવવા | ૧૦.૦૦ |
| ૧૧. | જુદા જુદા ઝોનમાં ઓવરહેડ ટાંકી બનાવવા | ૨૫.૦૦ |
| ૧૨. | વો.ડી. તથા ડ્રે.પપીંગ સ્ટેશનોની ક્ષમતા વધારવા | ૧૦.૦૦ |
| ૧૩. | ૫ નંગ એમ્બ્યુલન્સ, ૫ નંગ શબવાહિની ખરીદવા. | ૦૫.૦૦ |
| ૧૪. | તળાવોના વિકાસ કરવા. | ૧૦.૦૦ |
| ૧૫. | ખરાબાની જમીનમાં પ્લાન્ટેશન કરી ગ્રીન કવર વધારવા | ૦૨.૦૦ |
| ૧૬. | મોબાઈલ ટોયલેટવાન ગ્રીન ટોઈલેટ સહિત ખરીદવા. | ૦૨.૦૦ |
| ૧૭. | ૧૦ નવા આધુનિક પાર્ટી પ્લોટ બનાવવા | ૧૧.૦૦ |
| ૧૮. | મ્યુ.સંચાલિત હોલ વાતાનુકુલીત કરવા. | ૧૨.૦૦ |
| ૧૯. | નવા સમાવિષ્ટ વિસ્તારમાં માળખાગત સુવિધા પુરી પાડવા. | ૨૦.૦૦ |
| ૨૦. | મ્યુ.કો.ના ૧૫ વર્ષ જૂના વાહનો-મશીનોનું રીપ્લેશમેન્ટ કરવા. | ૦૭.૦૦ |
| ૨૧. | ઉ.ઝોનમાં વ્હાઈટ ટોપીંગ પધ્ધતિથી ક્રોંકિટ રોડ બનાવવા | ૧૦.૦૦ |
| ૨૨. | જી.પંચાયત હસ્તકની અ.મ્યુ.કો.ને સોંપાયેલ શાળાઓનું નવિનીકરણ | ૧૦.૦૦ |
| ૨૩. | ઝીરો બજેટ હેઠળ ફાળવણી | ૩૦.૦૦ |
| ૨૪. | ઝાયડસ હોસ્પિટલ રોડ ઉપર નવી હોસ્પિટલ બનાવવા. | ૧૫.૦૦ |
| ૨૫. | રેફરલ હોસ્પિટલને અદ્યતન બનાવવા. | ૧૦.૦૦ |
| ૨૬. | રેલ્વે સ્ટે.ની પૂર્વ તરફ સરસપુર તરફનો રસ્તો બનાવવા. | ૦૫.૦૦ |
| ૨૭. | ટી.પી.૬૬,એફ.પી.૧૦૨ માં નવી મ્યુ.સ્કુલ બનાવવા. | ૦૨.૦૦ |
| ૨૮. | ટી.પી.-૬૫, એફ.પી.૧૭૩ માં યોગા-જીમ્નેશીયમ બનાવવા. | ૦૧.૦૦ |
| ૨૯. | સીનીયર સીટીઝન પાર્ક બનાવવા. | ૦૫.૦૦ |
| | **કુલ** | **૨૫૮.૦૦** |

- **નગર પ્રાથમિક શિક્ષણ સમિતિને ગ્રાન્ટ :- રૂા.૨૪૧ કરોડ**
- **શેઠ મા. જે. પુસ્તકાલયને ગ્રાન્ટ :- રૂા.૫.૬૯ કરોડ**
- **શેઠ વા.સા. જન. હોસ્પીટલને ગ્રાન્ટ :- રૂા.૩૯.૩૦ કરોડ**

|| વંદે માતરમ્ || || ભારત માતા કી જય ||